# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-07-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળમાં 5 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું.
2) પ્રધાનમંત્રીએ બિહારમાં કહ્યું NDA સરકાર પછાત વર્ગોના વિકાસ માટે પણ પ્રતિબદ્ધ છે.
3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું રમતગમતને દેશના દરેક ગામ સુધી પહોંચાડવા સરકાર તમામ પ્રયાસ કરી રહી છે.
4) કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે યુવાનોને વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા અપીલ કરી.
5) પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં ભારે વરસાદને લીધે ગત 24 કલાકમાં ઓછામાં ઓછા 63 લોકોના મોત થયા

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM-WB EARLY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પશ્ચિમ બંગાળના દુર્ગાપુર ખાતે 5,000 કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પરિયોજનાનું ખાતમુહૂર્ત, અને લોકાર્પણ કર્યું. સભાને સંબોધતા, પ્રધાનમંત્રીએ કહ્યું આ પરિયોજના રાજ્યની કનેક્ટિવિટીમાં નોંધપાત્ર વધારો કરશે, ગેસ આધારિત પરિવહનને વેગ આપશે અને ગેસ આધારિત અર્થતંત્રને ટેકો આપશે. તેમણે કહ્યું કે આ પહેલ દ્વારા આ સ્ટીલ સિટીની ઓળખ વધુ મજબૂત બનશે. તેમણે એ પણ નોંધ્યું કે પશ્ચિમ બંગાળ દેશના એવા રાજ્યોમાંનું એક છે જ્યાં વંદે ભારત ટ્રેનો નોંધપાત્ર સંખ્યામાં કાર્યરત છે. શ્રી મોદીએ કહ્યું કે દુર્ગાપુર માત્ર સ્ટીલ સિટી જ નહીં પરંતુ ભારતના કાર્યબળનું મુખ્ય કેન્દ્ર પણ છે અને દેશના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

(બાઇટ - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)

..........

# REV. BIHAR PM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બિહારના મોતીહારી ખાતે જાહેર સભાને સંબોધતા કહ્યું કે NDA સરકાર માત્ર પછાત પ્રદેશોના વિકાસ માટે જ નહીં પરંતુ પછાત વર્ગોના વિકાસ માટે પણ પ્રતિબદ્ધ છે. શ્રી મોદીએ વધુમાં જણાવ્યુ સરકાર ગરીબોના ઉત્થાન માટે સંકલ્પ સાથે કામ કરે છે અને તે કેન્દ્રના કાર્યક્રમો અને નીતિઓમાં પ્રતિબિંબિત થાય છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે બિહારના વિકાસમાં બિહારના સંશાધનોનો ખૂબ મોટો ફાળો છે.

**(બાઇટ -PM ON RESOURCES)**

તેમણે આદિવાસી કલ્યાણ માટે 25,હજાર કરોડ રૂપિયાના ખર્ચે શરૂ કરાયેલ PM જન મન યોજનાનો પણ ઉલ્લેખ કર્યો.

આ પ્રસંગે તેમણે પટના તેમજ મોતીહારી, ગયા જી, જલપાઈગુડી, વિગેરે પૂર્વ ભાગોના શહેરો પુણે,મુંબઈ, ગુરુગ્રામ, સુરત, બેંગલુરુ જેવા વિકસિત શહેરો બને તેવી ઇચ્છા વ્યક્ત કરી.

પ્રધાનમંત્રીએ બિહારના વિકાસ માટે રાજ્યના યુવાનોને રાજયમાં જ પૂરતી રોજગારી પૂરી પાડવાની નેમ વ્યક્ત કરી.

**(બાઇટ PM -ON YUVA)**

અગાઉ, પ્રધાનમંત્રીએ મોતીહારી ખાતે 7,200 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કામોના ખાતમુહુર્ત અને લોકાર્પણ કરી રાષ્ટ્રને સમર્પિત કર્યા.

. . . . . . . . .

# CHHATTISGARH-ED ARREST (EARLY)

પ્રવર્તમાન નિદેશાલય - ED ની ટીમે આજે છત્તીસગઢના ભિલાઈ શહેરમાં પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલના નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા. આજે સવારે EDના અધિકારીઓ કેન્દ્રીય અનામત પોલીસદળ CRPF કર્મચારીઓ સાથે દરોડા પાડવા શ્રી બઘેલના નિવાસસ્થાને પહોંચ્યા હતા.

થોડા સમય પહેલા, ED એ ભૂપેશ બઘેલના પુત્ર ચૈતન્ય બઘેલને કસ્ટડીમાં લીધા હતા. ત્યારબાદ, ED ની ટીમ ચૈતન્ય બઘેલ સાથે ભિલાઈથી રાયપુર જવા રવાના થઈ છે.

આ દરોડા અંગે વિગતવાર માહિતીની રાહ જોવાઈ રહી છે.

. . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

# WAVES OTT FILM

પ્રસાર ભારતીના ડિજિટલ પ્લેટફોર્મ-વેવ્સ ઓટીટી દ્વારા આજે નવી દિલ્હીના આકાશવાણી ભવન ખાતે તેની ફીચર ફિલ્મ, “ડેલા બેલા-બદલેગી કહાની”નો ભવ્ય પ્રીમિયર યોજાયો. આ પ્રસંગે પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત સેહગલે જણાવ્યું કે વેવ્સ ઓટીટી ભારતનું એકમાત્ર જાહેર સેવા સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ છે જે ડિજિટલ નવીનતા સાથે વારસાને આગળ વધારે છે. શ્રી સેહગલે ઉમેર્યું કે પ્રસાર ભારતીનું મિશન એક વિશ્વસનીય, પરિવારને પ્રથમ રાખતું પ્લેટફોર્મ બનાવવાનું છે જે ભારતની વિવિધતા અને સર્જનાત્મકતાની ઉજવણી કરે છે. મીડિયા સાથે વાત

કરતા, શ્રી સેહગલે કહ્યું કે 'ડેલા બેલા' જેવી મૂળ ફિલ્મોની સાથે, આ પ્લેટફોર્મ દસ્તાવેજી, રેડિયો શો, પ્રાદેશિક સિનેમા, ડીડી આર્કાઇવ્સ, લાઇવ ટીવી અને ઓનલાઇન શોપિંગનો સમૃદ્ધ ખજાનો પીરસે છે.

(બાઈટ – નવનીત સહગલ, અધ્યક્ષ, પ્રસારભારતી)

આ પ્રસંગે ફિલ્મના ડિરેક્ટર, નીલેશ જૈને જણાવ્યું હતું કે આ વાર્તાને દેશના દરેક ખૂણા સુધી પહોંચાડવા માટે WAVES કરતાં વધુ સારું કોઈ OTT પ્લેટફોર્મ નથી.

. . . . . . . . .

## SHAH - SPORTS

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું સરકાર રમતગમતને દેશના દરેક ગામ સુધી પહોંચાડવા તમામ પ્રયાસ કરી રહી છે. શ્રી શાહે નવી દિલ્હીમાં 21મી વિશ્વ પોલીસ અને ફાયર ગેમ્સના ભારતીય ટુકડીના સન્માન કાર્યક્રમમાં આ મુજબ જણાવ્યું. તેમણે કહ્યું કે, વિવિધ વય જૂથના બાળકોને વૈજ્ઞાનિક રીતે દરેક રમતમાં પસંદ કરવામાં આવી રહ્યા છે અને તેમજ તાલીમ અપાઇ રહી છે.

શ્રી શાહે કહ્યું કે, ગત દસ વર્ષમાં રમતગમતનું બજેટ પાંચ ગણું થયું છે. સરકાર લગભગ ત્રણ હજાર ખેલાડીને દર મહિને 50 હજાર રૂપિયાની સહાય આપીને 2036 ઓલિમ્પિક માટે તૈયારી કરી રહી છે. શ્રી શાહે

વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભારત 2036 ઓલિમ્પિકમાં ટોચના પાંચ ચંદ્રક વિજેતા દેશમાં સામેલ થશે.

. . . . . . . . .

## Goyal-Conference

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આજે નોઈડામાં ભારતના આંતરરાષ્ટ્રીય રાષ્ટ્રસંઘ અભિયાન – સંમેલન 2025નું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે, શ્રી ગોયલે યુવાનોને વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારત બનાવવા માટે સક્રિયપણે યોગદાન આપવા અપીલ કરી.

શ્રી ગોયલે ભાર મૂક્યો કે ભારત એક મોટા પરિવર્તનની આરે છે. તેમણે યુવાનોને રાષ્ટ્ર નિર્માણને એક ફરજ અને વિશેષાધિકાર તરીકે સ્વીકારવા અને દરેક કાર્યને પ્રતિબદ્ધતા અને સમર્પણ સાથે કરવા પ્રોત્સાહિત કર્યા. શ્રી ગોયલે તેમને બીજા ની કાળજી રાખવા અને તેઓ જે પણ કરે. તેમાં શ્રેષ્ઠ આપવા વિનંતી કરી. તેમણે વ્યક્તિઓ અને રાષ્ટ્રના ભવિષ્યને ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા બદલ શિક્ષકો અને માર્ગદર્શકોની પ્રશંસા પણ કરી હતી.

. . . . . . . . .

## PAK RAIN EMERGENCY

પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં ભારે વરસાદને લીધે ગત 24 કલાકમાં ઓછામાં ઓછા 63 લોકોના મોત થયા બાદ આજે વરસાદી કટોકટી જાહેર કરવામાં આવી છે. દરમિયાન નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા

સેનાના જવાનો બચાવ કામગીરીમાં જોડાયા છે. રાવલપિંડી શહેરમાં ભારે વરસાદ પડતા લેહના નુલ્લામાં અચાનક પૂર આવ્યું હતું.

હવામાન વિભાગે આજે પણ ભારે વરસાદ ચાલુ રહેવાની આગાહી કરી હતી, તેથી રાવલપિંડી વહીવટીતંત્રે રજા જાહેર કરી હતી. અધિકારીઓએ જણાવ્યું, સમગ્ર જિલ્લામાં બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે. બે દિવસ પહેલા, છત તૂટી પડવા અને વીજળી પડવાથી વરસાદ સંબંધિત ઘટનામાં 44 લોકોએ જીવ ગુમાવ્યા. જ્યારે બલુચિસ્તાનમાં પંજાબ પ્રાંતમાં ભારે વરસાદને કારણે થયેલી આફતોમાં 16 લોકોના મોત થયા હતા.

. . . . . . . . .

# SRI LANKA-POWER PLANT

શ્રીલંકાના ઉર્જા મંત્રી કુમારા જયકોડીએ આજે હિરિપીટિયામાં 5 મેગાવોટના નવા સૌર ઉર્જા પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું. 20 એકરમાં ફેલાયેલ આ પ્લાન્ટ વાર્ષિક 10 ગીગા વૉટ કલાક સ્વચ્છ ઉર્જા ઉત્પન્ન કરે તેવી અપેક્ષા છે.

આ નવો સૌર ઉર્જા પ્લાન્ટ દેશમાં ડીઝલની આયાત ઘટાડશે અને લગભગ 3.3 મિલિયન યુએસ ડોલરનું વિદેશી હૂંડિયામણ બચાવશે.

શ્રી જયકોડીએ નવીનીકરણીય ઉર્જામાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને પ્રોત્સાહન આપવાની સાથે ઊર્જા ક્ષેત્રમાં જાહેર માલિકી જાળવવાની સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

. . . . . . . . .

# EU- RUSSIA SANCTIONS

યુરોપિયન સંઘ, યુક્રેનમાં રશિયાના સંઘર્ષને લઈને બેંકિંગ, ઉર્જા અને સૈન્ય-ઔદ્યોગિક ક્ષેત્રોને લક્ષ્ય બનાવતા 18મા પ્રતિબંધ પેકેજ પર સંમત થયું છે. તેમાં રશિયાના તેલ અને ઉર્જા ઉદ્યોગને વધુ ફટકો આપવાના હેતુથી નવી ગતિશીલ તેલ કિંમત મર્યાદા પણ શામેલ છે.

યુરોપિયન સંઘના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને દાવો કર્યો હતો કે આ પ્રતિબંધ રશિયાના યુદ્ધ મશીનને નુકસાન પહોંચાડશે. આ પ્રતિબંધો ચાલુ સંઘર્ષના અંત સુધી અમલમાં રહેશે. પ્રતિબંધ પેકેજ રશિયાની નોર્ડ સ્ટ્રીમ ગેસ પાઇપલાઇન્સમાંથી ગેસના પૂરવઠાને પણ અસર કરશે. યુરોપિયન સંઘના આ નિર્ણયથી રશિયાના નાણાકીય ક્ષેત્રને પણ અસર થશે.

. . . . . . . . . .